અપીલ અરજી નં.૮ તા.૮–૪–૦૯/૧૦

અરજદાર: શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળા: ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

## *ફરીયાદની હકીકત:–*

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૩–૩–૦૯ ની અરજીથી વેડરોડ, બેચરાજી રોડ, ક્રિષ્ના સોસા.,૮૮૩/પ્લોટ નં.૨૭ પર ચાલતાં નવા બાંધકામનો પ્લાન કયારે પાસ થયો,કઈ તારીખે અને કોના નામે પાસ થયો? અને જગ્યા કોના નામે છે? ઈન્ડસ્ટ્રિયલ છે કે કોમર્શીયલ, ગેરકાયેસર બાંધકામ કેટલું, એલાઈમેન્ટ અને માર્જીનની જગ્યા છોડી છે ખરી? અને કેટલી? વિગેરે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૮–૪–'૦૯ ની અપીલ અરજી નં.૮/૨૦૦૯–૧૦

શ્રી ગુલામભાઈ મેમણની તા.૩–૩–૦૯ ની અરજીથી વેડરોડ, બેચરાજી રોડ, ક્રિષ્ના સોસા.,૮૮૩/પ્લોટ નં.૨૭ પર ચાલતાં નવા બાંધકામનો પ્લાન કયારે પાસ થયો,કઈ તારીખે અને કોના નામે પાસ થયો? અને જગ્યા કોના નામે છે? ઈન્ડસ્ટ્રિયલ છે કે કોમર્શીયલ, ગેરકાયેસર બાંધકામ કેટલું, એલાઈમેન્ટ અને માર્જીનની જગ્યા છોડી છે ખરી? અને કેટલી? વિગેરે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે સમય મર્યાદામાં જવાબ મળ્યો ન હોઈ વિના મૂલ્યે માહિતી પૂરી પાડવા તથા ભરેલ ફી પરત મેળવવાની રજુઆત સાથે માહિતીના અનુમાનિત ઈન્કારથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૪–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૫ તા.૧૮–૪–૦૯ થી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને પત્ર પાઠવવામાંઅ આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. કે માહિતી ના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ ૮,૯ કે ૧૧ હેથળ ના કોઈ અપવાદ જણાવેલ નથી.

અરજદારની તા.૩–૩–૦૯ ની અરજીથી વેડરોડ, બેચરાજી રોડ, ક્રિષ્ના સોસા.,૮૮૩/પ્લોટ નં.૨૭ પર ચાલતાં નવા બાંધકામનો પ્લાન કયારે પાસ થયો,કઈ તારીખે અને કોના નામે પાસ થયો? અને જગ્યા કોના નામે છે? ઈન્ડસ્ટ્રિયલ છે કે કોમર્શીયલ, ગેરકાયેસર બાંધકામ કેટલું, એલાઈમેન્ટ અને માર્જીનની જગ્યા છોડી છે ખરી? અને કેટલી? વિગેરે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કતારઝોન તરફથી કોઈ માહિતી આપેલ હોવાનું જણાતું નથી. અરજદારે અપીલ અરજીમાં સમય મર્યાદામાં માહિતી ન મળ્યા અંગે રજૂઆત કરેલ.

## <u>હુકમ</u>

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩–૩–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ ન હોય આરટીઆઈની કલમ–૭(૬) હેઠળ દિન–૭ માં વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫ – ૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામભાઈ મેમણ, સાગર હોટલની પાસે, ચોકબજાર, સુરત,....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.